સદ્‌ગુણો, સહકારી સ્વભાવ અને સ્પષ્ટ નિર્ણય શક્તિનો સરવાળો એટલે સંતુલિત જીવન
- સ્વેટ માર્ડન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૯૫ | ૧૪ જૂન ૨૦૧૨, ગુરૂવાર, જ્યેષ્ઠ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# આજથી ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ

## જિલ્લામાં ૧૬૫૮૪ બાળકોને પ્રવેશ કરાવાશે, ૫૧ વર્ગખંડોનું ભૂમિપૂજન ૧૧૨ વર્ગખંડોનું લોકાર્પણ તથા ૨૦૦ શાળાઓને સાયકલનું વિતરણ કરાશે : ૫૭ વિકલાંગ બાળકોને પણ પ્રવેશ અપાશે, સૌથી વધુ બાળકો ગાંધીનગરમાં ૨૪૭ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાશે, દરેક શાળામાં ચાર વિશિષ્ટ કોર્નર ઉભા કરશે, સવારે તમામ શાળાઓમાં વાલીસભાનું કરાયેલું આયોજન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લામાં આજથી શરૂ થઈ રહેલ ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવમાં ૧૬૫૮૪ વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવવામાં આવશે. જેમાં ૮૬૧૪ કુમાર અને ૭૯૭૦ કન્યાઓનો સમાવેશ થાય છે.

આ ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ દરમિયાન જિલ્લામાં ૫૧ વર્ગખંડોના નિર્માણનું ભૂમિપૂજન તેમજ રૂ. ૫૪૧ લાખના ખર્ચે તૈયાર થયેલ ૧૧૨ વર્ગખંડોનું લોકાર્પણ કરવામાં આવનાર છે. આ પ્રવેશોત્સવ દરમિયાન આગવું આકર્ષણ દરેક શાળામાં ઉભા કરાનાર ચાર વિશિષ્ટ કોર્નર બનશે જેમાં એક પુસ્તક કોર્નર, ભાષા શુધ્ધિ કોર્નર, ગણિત-વિજ્ઞાન કોર્નર તેમજ કોમ્પ્યુટર કોર્નરનો સમાવેશ થાય છે.

જિલ્લા શિક્ષણ તંત્રના સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાની ૨૦૦થી વધુ કન્યાઓને સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત ૩૦૦ જેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમની ચુકવણી પણ કરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે આ પ્રવેશોત્સવ દરમિયાન જિલ્લામાં ૫૭ વિકલાંગ બાળકોને પ્રવેશ આપવામાં આવનાર છે. આ ૫૭ વિકલાંગ બાળકોને તેમના કેરકેપર્સ કોર્ડીનેટરો બાળકોના ઘરે જઈ તેડીને તેમને શાળાએ લઈ જશે અને પ્રવેશ કરાવશે. આ ૫૭ બાળકો જે છે તેમાં માણસા તાલુકામાં ૧૫, ગાંધીનગરમાં ૧૨, કલોલમાં ૧૭ અને દહેગામમાં ૯ બાળકોનો સમાવેશ થાય છે.

શાળા પ્રવેશોત્સવના પ્રથમ જ દિવસે સવારે ૧૦ વાગે રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી વાયુ સંદેશ આપી બાળકોને આવકારવાના છે તે નિમિત્તે જિલ્લાની ૫૯૪ શાળાઓમાં આજે સવારે ખાસ વાલીસભાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રવેશોત્સવ દરમિયાન ધો-૩ થી ૮માં પ્રથમ નંબરે શાળામાં ઉત્તીર્ણ થનાર બાળકનું સન્માન કરવામાં આવશે તેમજ પૂર્વ વિદ્યાર્થીએ મેળવેલ ઉચ્ચ કારકીર્દી ધરાવતા હશે તેમનું પણ વિશેષ સન્માન કરવામાં આવશે. આ પ્રવેશોત્સવ દરમિયાન શાળાના બાળકોને ટોકન પાઠયપુસ્તકોના સેટનું પણ વિતરણ કરવામાં આવનાર છે.

જિલ્લામાં જે ૧૬,૫૮૪ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવનાર છે જેમાં સૌથી વધુ ગાંધીનગર તાલુકામાં ૬૪૬૬ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત માણસામાં ૨૪૬૦, કલોલમાં ૩૮૫૪ અને દહેગામમાં ૩૮૦૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ અંતર્ગત જિલ્લામાં ૭૯૭૦ કન્યાઓને પ્રવેશ કરાવવામાં આવનાર છે જેમાં ગાંધીનગરમાં ૩૦૭૮, માણસામાં ૧૨૧૨, કલોલમાં ૧૮૪૧ અને દહેગામમાં ૧૮૩૯ કન્યાઓનો સમાવેશ થાય છે.

આ પ્રવેશોત્સવમાં સનદી અધિકારીઓ પાંચ, ફોરેસ્ટ સર્વિસના અધિકારીઓ ૪ તથા પોલીસ સેવાના બે અધિકારીઓ સહિત ૫૦થી વધુ અધિકારીઓ જોડાવાના છે. ત્રણ પદાધિકારીઓ રાજયમંત્રી શ્રી જયસિંહ ચૌહાણ, સાંસદ શ્રી હરિન પાઠક તેમજ શ્રીમતિ સીતાબેન નાયકનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૫ પર

# ગાંધીનગરમાં મોડી સાંજે તોફાની પવન સાથે વરસાદી ઝાપટું

## વિધિવત ચોમાસાના આરંભ પૂર્વે મોસમનો ૧૦ ટકા વરસાદ : વિક્રમી વરસાદના સંકેતો આપે છે : જેઠ મહિનામાં અષાઢી માહોલ



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર અને જિલ્લામાં મોડી સાંજે તોફાની પવન સાથે વરસાદનું ઝાપટું વરસ્યું હતું. દિવસભરના ઉકળાટને અંતે સાંજે વાદળો ઘેરાયા હતા અને તોફાની પવન સાથે ધોધમાર વરસાદનું ઝાપટું વરસ્યું હતું. રાજ્યભરમાં દિવસ દરમિયાન વરસાદના અહેવાલો પ્રાપ્ત થયા હતા. જિલ્લાના અનેક વિસ્તારોમાં પણ તોફાની પવનને કારણે સંખ્યાબંધ વૃક્ષો ધરાશયી થયા હતા. દહેગામ, કલોલના અંતરિયાળ વિસ્તારમાં વૃક્ષો પડવાને કારણે વાહન વ્યવહારમાં અવરોધ પણ સર્જાયો હતો.

ગાંધીનગર શહેરના સેક્ટરોમાં વરસાદી ઝાપટાને કારણે જનજીવન પર અસર વર્તાતી હતી. દ્વિચક્રી વાહન પર બહાર નીકળેલ નાગરિકો અડધો કલાક માટે ભારે હાલાકીમાં મૂકાયા હતા. ગાજવીજ સાથેના વરસાદી માહોલથી અષાઢી માસના આગમનનાં એંધાણ વર્તાતા હતા. અષાઢ પૂર્વે પહેલી વખત ચાર દિવસ વરસાદી ઝાપટાં ગાંધીનગર શહેરમાં વરસ્યાનો વિક્રમ છે. વિધિવત ચોમાસાના પ્રારંભ પહેલાં જ ૧૦ ટકા વરસાદ વરસતાં ૧૦૦ ટકા વરસાદની આશા બંધાઈ છે. આવતીકાલે એટલે કે ૧૪મી જૂને લગ્નોના મુર્હુત હોવાથી ઘણા પ્રસંગોમાં વરસાદી માહોલ અવરોધક બનશે એમ લાગે છે. આજે સાંજે વરસેલા વરસાદના કારણે નગરજનોમાં ઉત્સાહનું વાતાવરણ સર્જાયું હતું. નગરજનોમાં ઉકળાટમાંથી મુક્તિનો હાશકારો પ્રાપ્ત કરશે એવી આશા પણ બંધાઈ હતી. જો કે વરસાદી ઝાપટા બાદ થોડો ઉકળાટ પણ વાતાવરણમાં જણાતો હતો. પરંતુ એકાદ - બે દિવસમાં ઉકળાટમાંથી મુક્તિ મળશે તેવી નગરજનો આશા વ્યક્ત કરી રહ્યા હતા.

# જિલ્લાના ૪ નાયબ મામલતદારને મામલતદાર સંવર્ગમાં બઢતી મળી

## રાજયના ૬૬ નાયબ મામલતદારોને આ બઢતી અપાઈ જિલ્લામાં ૧૫ નાયબ મામલતદાર સીધી ભરતીના ફળવાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના ૪ નાયબ મામલતદારોને આજે મામલતદાર સંવર્ગમાં બઢતી આપવામાં આવતાં સમગ્ર વહીવટીતંત્રમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

છેલ્લા ઘણા સમયથી આ બઢતીના હુકમોની રાહ જોવાતી હતી પરંતુ યેનકેન કારણોસર તે અંગેના હુકમો થયા ન હતા પરંતુ આજે સવારે જ મહેસુલ વિભાગે સમગ્ર રાજયના ૬૬ જેટલા નાયબ મામલતદારોની બઢતીના હુકમો જારી કર્યા છે. જેમાં જિલ્લાના ૪ નાયબ મામલતદારોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર કલેકટર કચેરીમાં ફરજો બજાવતા દિપક આચાર્યને બઢતી આપી જનસંપર્ક અધિકારી કલેકટર કચેરી વલસાડ ખાતે, કલોલ મામલતદાર ઓફિસમાં ફરજ બજાવતા શ્રી દિનેશ પટેલને મામલતદાર નાની બચત બનાસકાંઠા ખાતે, દહેગામ મામલતદાર કચેરીમાં ફરજો બજાવતા શ્રી એ.બી. ઠાકોરને જનસંપર્ક અધિકારી સુરેન્દ્રનગર તથા કલેકટર કચેરીમાં ચૂંટણી પ્રભાગમાં ફરજો બજાવતા શ્રી સી.કે. બ્રહ્મભટ્ટને મામલતદાર પેટલાદ તરીકે નિમણુંક આપવામાં આવી છે.

આ બઢતીના હુકમોની જાણ થતાં જ આ કર્મચારીઓને મળી સૌએ

● અનુસંધાન પાન-૫ પર

# રાજયમાં ચક્રવાત બાદ ભારે વરસાદ : ૧૩ના મોત

## પાવીજેતપુર અને અંકલેશ્વરમાં અંધારપટ છવાયુ : રાજકોટ, જામનગર, તાપી, સુરત, વડોદરા, સહિત ઘણા ભાગોમાં વીજળી પડવાથી વૃક્ષ અને વીજ થાંભલા ધારાશાયી : વીજળી પૂરવઠો ખોરવાઈ ગયો

અમદાવાદ, તા.૧૩

ગુજરાતભરમાં આજે સર્જાયેલા ચક્રાવાતથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાથી તેમજ વીજળી પડવાથી અંદાજે ૧૩ વ્યક્તિઓના મોત થયા હોવાનુ જાણવા મળ્યુ છે. વડોદરાના પાલી જેતપુરમાં તો ૧૦૦ જેટલા વૃક્ષો અને ૧૫થી ૨૦ થાંભલા ધરાશાયી થતાં અંધારપટ છવાઈ ગયો છે . અંકલેશ્વરમાં પણ વીજપૂરવઠો ખોરવાઈ ગયો હતો. સમગ્ર ગુજરાતમાં આજે ભારેથી અતિભારે વરસાદથી સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ હતુ. આજે ગુજરાતભરમાં વાવાઝોડા સાથે મેઘરાજે ધમાકેદાર એન્ટ્રી કરી અંદાજે ૧૩ વ્યક્તિઓના ભોગ લીધા હતા. ગુજરાતભરમાં આજે સવારથી જ વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. જો કે સવારે ભારે ઉકળાટ અને ગરમી બાદ અચાનક વાતાવરણમાં પલટાવ આવ્યો હતો. અને દિવસ દરમિયાન ગુજરાતના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ચક્રવાત સર્જાતા સામાન્ય જીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ હતુ.

આજે જોરદાર ચક્રવાત સર્જાયા બાદ વિજળી પડવાથી રાજકોટ જિલ્લામાં ૫ વ્યક્તિઓના મોત અને જામનગરમાં બે વ્યક્તિઓના મોત થયા હોવાનુ જાણવા મળ્યુ છે આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં ૨ના અને તાપી ખાતે એકનુ મોત થયુ હોવાનુ જાણવા મળ્યુ છે. આ વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડતા ઠેરઠેર પાણી ભરાઈ ગયા હતા અને લોકો ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓને વહેલા છોડી દેવામાં આવ્યા હતા. સુરેન્દ્રનગરના ચોટીલા સહિત સૌરાષ્ટ્રના મોટા ભાગના વિસ્તારોમાં મેઘરાજની ધમાકેદાર એન્ટ્રી મારી હતી. જ્યારે વડોદરા જિલ્લાના પાલી જેતપુરમાં તો ચક્રવાતે ભારે તબાહી મચાવી હતી. ઠેરઠેર વૃક્ષો ધરાશાયી થયા હતા પાલી જેતપુરમાં ૧૦૦ જેટલા વૃક્ષો અને ૧૦થી ૨૦ વીજ થાંભલાઓ ધરાશાયી થતા ભારે અરાજકતા ફેલાઈ ગઈ હતી. આ વિસ્તારમાં ઝાડ પડવાથી મકાન ધરાશાયી થતા એક વ્યક્તિનુ અકસ્માતે મોત થયુ હતુ.

ચક્રવાતથી વીજ થાંભલા ધરાશાયી થતા સમગ્ર વિસ્તારમાં અંધકારપટ છવાઈ ગયો હતો જેના કારણે તેના આસપાસના વિસ્તારોને પણ અસર થઈ હતી. અંકલેશ્વરમાં પણવીજ પૂરવઠો ખોરવાઈ જતા ઉદ્યોગોને ભારે પરેશાની ભોગવી પડી હતી.આ ઉપરાંત અંકલેશ્વર પાસેના વાસણીયા ગામે વીજ પડવાથી એક વ્યક્તિનુ મોત થયુ હતુ જ્યારે કેળા અને શેરડીના પાકને મોટુ નુકસાન થયુ હોવાનુ જાણવા મળ્યુ છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડતા સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ હતુ.


મેન્યુફેક્ચરનું સેલ

લેડીઝવેર અને નાના બાળકોના કાર્ટૂન ટીશર્ટમાં

તદ્દન નવું કલેક્શન

ટ્રેડીશનલ કૂર્તી, ટોપ અને ટીશર્ટ

XL-XXL-XXXL

લેડીઝ કુર્તીઝ, ટીશર્ટ, ઝભ્ભા, વેસ્ટર્ન ટોપ, ફ્રોક ટાઈપ ટોપ, લેગીન્સ, જેગીન્સ, હેરમ, કેપરી, ધોતી, શોર્ટી, ઈનર કોટી બધુ જ એક જ સ્ટોલ ઉપર

૫૦-૧૦૦-૧૫૦-૨૦૦ માં જ

લેગીન્સમાં ૨૦૦ કલર રેન્જ સાથે

ગુજરાત ઉત્સવ સ્ટોલ નં. 1

સેક્ટર-૬/એનું ગ્રાઉન્ડ, અપના બજારની બાજુમાં, ગાંધીનગર.

સમય : સવારે ૧૧-૦૦ થી રાત્રે ૧૦-૩૦


# ચરેડી ટાંકીને આખરે વીજ-જોડાણ નસીબ થયું : કેબલ ટેસ્ટીંગ શરૂ

## જૂના સેકટરોમાં સપ્ટેમ્બરથી એક જ સમયે પાણીનો કોમન સપ્લાય અપાશે

ગાંધીનગર, તા.૧૩

ટોરેન્ટ પાવર દ્વારા આખરે ચરેડી ટાંકીને વીજ જોડાણ આપી દેવાતા ત્રણ મહિનાની રૂકાવટ બાદ ચરેડી ટાંકીના કેબલનું કામ હવે આગળ વધશે. કેબલ ફીટીંગ તેમજ ટેસ્ટીગની કામગીરીમાં હજુ સમય લાગે તેમ હોવાથી જૂના સેકટરોમાં સવારે પાણીનો કોમન સપ્લાય આગામી સપ્ટેમ્બર મહિનાથી આપવામાં આવશે.

સમગ્ર શહેરમાં વિકાસ અને વસતીને ધ્યાને લઈ પાણી વ્યવસ્થાને અપગ્રેડ કરવા કરોડોના ખર્ચે નવીન ટાંકીઓ પમ્પીંગ સ્ટેશન તેમજ પાઈપલાઈન અપગ્રેડ કરવા સહીતનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં જૂના સેકટરોમાં એક જ સમયે અને ફોર્સથી પાણી પુરું પાડવા માટે ચરેડી ખાતે પાણીની નવીન ટાંકી અને પમ્પીંગ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે. કરોડોના ખર્ચે હાથ ધરાયેલી આ કામગીરીના અંતે વીજ જોડાણ આપવાનો મામલો ઘોંચમાં પડતા મહિનાઓ સુધી આ યોજના સંદર્ભેની કામગીરી અટવાઈ પડી હતી. તંત્ર કક્ષાએથી જરૂરી ડીપોઝીટ ભરપાઈ કર્યા બાદ પણ પમ્પીંગ સ્ટેશનને વીજ જોડાણ ન મળતા પાણીનો પ્રશ્ન અટવાયો હતો. જયારે સપ્તાહ પૂર્વે કંપની અને તંત્રના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં હકારાત્મક ફોર્મ્યુલા નક્કી થતા ટોરેન્ટ પાવર દ્વારા આ મામલે વીજ જોડાણ આપવાની ખાત્રી આપી હતી. પાટનગર યોજના વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર બે દિવસ પૂર્વે જ ટોરેન્ટ દ્વારા વીજ જોડાણ આપી દેવાતા પમ્પીંગ સ્ટેશનને અનુલક્ષી આગળ કેબલનું કામ હાથ ધરવામાં આવ્યું છે. અલબત્ત કેબલ નાંખી દેવાયા છે. પરંતુ ટેકનીકલ ફીટીંગનું કામ પૂર્ણ થયા બાદ ટેસ્ટીંગની કાર્યવાહી હાથ ધરાશે. જયારે આગામી બે મહિનામાં કામગીરી આખરી થયા બાદ જૂના સેકટરોમાં સપ્ટેમ્બર મહીનાથી સવારે પાણીનો કોમન સપ્લાય આપવાની વ્યવસ્થા ગોઠવી શકાશે.







